




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-05 ■ તા. 28-01-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### આઈપીએસ લોબી અને સરકાર દ્વારા મથામણ શરૂ

# ગુજરાતના એકપણ IPSને રાષ્ટ્રપતિ મેડલ મળ્યો નહીં

## ગુજરાતમાંથી એક પણ આઈપીએસને રાષ્ટ્રપતિ મેડલનું સન્માન ન મળતાં ચર્ચા શરૂ : આઈપીએસ લોબીનો બચાવ

અમદાવાદ,

ગુજરાતના કોઈપણ આઈપીએસ અધિકારીને સતત બીજા વર્ષે રાષ્ટ્રપતિ મેડલ નહી મળતાં પોલીસ બેડામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. રાષ્ટ્રપતિ મેડલ માટે ગુજરાતનો કોઈ આઈપીએસ લાયક નહી ઠરતાં આઈપીએસ અધિકારીઓની લોબી માટે પણ આ એક સારી વાત કહી શકાય નહી. દર વર્ષે પ્રજાસત્તાક દિને પોલીસ અધિકારીઓને તેમની વિશિષ્ટ કામગીરી અને ઉત્કૃષ્ઠ ફરજનિષ્ઠા માટે રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવતો હોય છે પરંતુ ગુજરાતના આઈપીએસ અધિકારીઓએ સતત બીજા વર્ષે સૌને નિરાશ કર્યા છે. જો ગૃહવિભાગના સૂત્રોનું માનીએ તો, ચાલુ વર્ષે ૧૦ જેટલા આઈપીએસ અધિકારીઓના નામો રાષ્ટ્રપતિ મેડલ માટે કેન્દ્રીય ગૃહમંત્રાલયને મોકલાયા હતા. જો કે, તેમાંથી એકેયને રાષ્ટ્રપતિ મેડલ અપાયો નથી. સિનિયર પોલીસ અધિકારીઓના બદલે પીએસઆઈ કે તેનાથી પણ નીચલી કેડરના પોલીસ કર્મચારીઓ રાષ્ટ્રપતિ મેડલ મેળવવામાં સફળ રહ્યા પરંતુ ગુજરાતનો એક આઈપીએસ અધિકારી આ સન્માનજનક મેડલ મેળવી ના શકયો. ગૃહવિભાગ દ્વારા કેન્દ્રમાં જે આઈપીએસ અધિકારીઓના નામો મોકલાયા તેમાં નીરજા ગોત્રુ, હસમુખ પટેલ, મનોજ શશીધર, અર્ચના શિવહરે, અનિલ પ્રથમ, રાજકુમાર પાંડિયન, કે.કે.ઓઝા, એ.કે.જાડેજા, અજય ચૌધરી, મયંકસિંહ ચાવડા વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતના આઈપીએસ અધિકારીઓને રાષ્ટ્રપતિ મેડલનું સન્માન પ્રાપ્ત નહી થતાં હવે આ નિષ્ફળતાનું કારણ શોધવામાં આઈપીએસ લોબીની સાથે સાથે રાજય સરકારના ઉચ્ચ પદાધિકારીઓએ પણ કવાયત શરૂ કરી છે. જો કે, સૂત્રોના માનવા પ્રમાણે, આ નામો તેમના કોન્ફીડેન્શીયલ રિપોર્ટ તેમ જ વિજિલન્સ કલીયરન્સની યોગ્ય તપાસ કર્યા બાદ મોકલાયા હતા અને ગૃહવિભાગે પણ તેની બે-ત્રણ વાર સ્કુટીની કરી હતી પરંતુ તેમછતાં મેડલ ના મળી શકયો. કેટલાક અધિકારીઓએ સમગ્ર પ્રકરણમાં બચાવ કર્યો હતો કે, આ વખતે નિયમો બદલાયા છે. જેમાં લઘુત્તમ સેવાકાળ ૧૫ વર્ષથી વધારી ૨૦ વર્ષનો કરાયો છે. ઉપરાંત, જેમના નામો મોકલાવાય છે, તેઓની ફિઝિકલ ફીટનેસ પણ યોગ્ય અને ચુસ્ત હોવી જરૂરી છે. તેમ જ જેઓના નામો મોકલાય તેમાંથી અડધા છેલ્લા પાંચ વર્ષમાં ફોર્સમાં આવ્યા હોવા પણ જરૂરી છે. કદાચ આ નિયમોને લીધે ગુજરાતના આઈપીએસ અધિકારી રાષ્ટ્રપતિ મેડલ મેળવવામાં સપળ રહ્યા નથી.



બ્રહ્મ સમાજ દ્વારા સુભાષબ્રિજ નારાયણ ઘાટ પાસેથી બ્રહ્મ સમાજ સ્વાભિમાન રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં જોડાયેલા બ્રહ્મ સમાજના હજારો કાર્યકરોએ બ્રહ્મ વિકાસ આયોગની રચના માટે માંગણી કરી હતી.

### પત્ની કાર ચલાવતી હતી, પત્ની, સાસુ-પૌત્ર ઘાયલ

# એસજી હાઈવે પર કાર વચ્ચે અકસ્માત:પિતા-પુત્રના મોત

## પંડયા પરિવાર સુરતથી અમદાવાદ આવી રહ્યો હતો ત્યારે અંદાજ પાર્ટીપ્લોટની નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો

અમદાવાદ,

શહેરના સરખેજ-ગાંધીનગર હાઈવે પર બે કાર વચ્ચે ગઈકાલે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં પિતા-પુત્રના કરૂણ મોત નીપજયા હતા. એસ.જી હાઈવે પર અંદાજ પાર્ટી પ્લોટ પાસે વેગન આર અને ફોર્ચ્યુનર કાર વચ્ચેની જોરદાર ટક્કરમાં પિતા બિપિનકુમાર પંડયા અને પુત્ર અમિત પંડયાના કરૂણ મોત નીપજયા હતા. આ ખતરનાક અકસ્માતમાં બે મહિલા અને એક બાળકને ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. અકસ્માતને લઇ ટ્રાફિક ચક્કાજામ થઇ ગયો હતો અને સ્થાનિક લોકોમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ જીવલેણ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, શુક્રવારે મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ પંડયા પરિવાર વેગન આર કારમાં સુરતથી અમદાવાદ પરત આવી રહયો હતો ત્યારે ફોર્ચ્યુનર કાર સાથે જોરદાર અકસ્માત સર્જાયો હતો, જેમાં પિતા બિપીનકુમાર પંડયા અને પુત્ર અમિત પંડયાનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાના કારણો મોત નીપજયું હતું, જયારે બે મહિલા અને એક બાળકને ઈજા પહોંચી હતી. ફોર્ચ્યુનર કારનો ચાલક કાર ઘટનાસ્થળે જ મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને સૌકોઈમાં અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. બીજીબાજુ, ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, અમિત પંડયાને થાક લાગતાં તેમણે પોતાની પત્ની કિર્તીબહેનને કાર ચલાવવા આપી હતી અને અને અકસ્માત સમયે કિર્તીબહેન પોતે કાર ચલાવી રહ્યા હતા. પતિ-પત્ની કારમાં આગળ બેઠા હતા અને સાસુ-સસરા અને આઠ વર્ષનો પુત્ર કારમાં પાછળ બેઠા હતા. અકસ્માતમાં અમિતભાઈ અને તેમના પિતા બિપીનકુમાર પંડયા કરૂણ મોતને ભેટયા હતા. કિર્તીબહેનનો પરિવાર મૂળ ઘુમા ગામમાં આવેલા શુભવિલા રેસીડેન્સી વિભાગ-૨માં રહેતો હતો અને તેમના પતિ અમિતભાઈ પંડયા આઈઆઈએફએલ ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતાં હતા. તેમની નોકરી સુરત ખાતે હોવાથી તેઓ ત્રણ મહિનાથી ત્યાં રહેવા ગયા હતા. અમિતભાઈ સુરતથી કાર ચલાવીને આવતાં હોવાથી રસ્તામાં થાક લાગતાં નડિયાદથી પત્ની કિર્તીબહેનને કાર ચલાવવા આપી હતી અને એસજી હાઈવે પર અંદાજ પાર્ટી પ્લોટ પાસે આ અકસ્માત સર્જાયો હતો. હાલ કિર્તીબહેન, તેમના સાસુ જયોતિબહેન અને આઠ વર્ષનો પુત્ર વિવાન ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર હેઠળ ખસેડાયા હતા. બીજીબાજુ, સરખેજ પોલીસે ફરાર ફોર્ચ્યુનર કારના ચાલક વિરૂધ્ધ પણ તપાસ હાથ ધરી છે.

### વિદ્યાર્થીનીની છેડતીના પ્રકરણના પગલે ચકચાર

# નરોડામાં વિદ્યાર્થીનીની છેડતી મુદ્દે વાલીઓનો ભારે હોબાળો

## વિદ્યાર્થીનીઓની છેલ્લા ઘણા સમયથી છેડતી થતી હતી, વાલીઓના રોષને લઈ પોલીસે બે સગીર આરોપીને પકડાયા

અમદાવાદ,

શહેરના નરોડા વિસ્તારની સરસ્વતી વિદ્યામંદિરની વિદ્યાર્થીનીની છેડતીના મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓએ શાળા પર જોરદાર હોબાળો મચાવ્યો હતો. એક તબક્કે રોષે ભરાયેલા વાલીઓએ શાળા સત્તાવાળાઓ અને સ્થાનિક પોલીસ વિરૂધ્ધ નારા લગાવી તાત્કાલિક આરોપીઓને ધરકપડ કરવા માંગણી કરી હતી. સરદારનગર પોલીસે પણ વાલીઓના આક્રોશને જોઈને તાત્કાલિક કાર્યવાહી કરી બે સગીર આરોપીઓને પકડી લીધા હતા. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, નરોડા વિસ્તારમાં આવેલી સરસ્વતી વિદ્યામંદિરની વિદ્યાર્થીનીની કેટલાક સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા છેલ્લા ઘણા સમયથી છેડતી કરવામાં આવતી હતી અને તેઓને આવતા-જતા રસ્તામાં હેરાન પરેશાન કરવામાં આવતી હતી. જેના કારણે વિદ્યાર્થીનીઓએ કંટાળીને પોતાના પરિવારજનો અને શાળા સત્તાવાળાઓને પણ જાણ કરી હતી. સાથે સાથે સમગ્ર બનાવ અંગે સ્થાનિક પોલીસને પણ જાણ કરાઈ હતી પરંતુ આ સમગ્ર મામલે કોઈ નક્કર કાર્યવાહી નહી થતાં અસામાજિક તત્વોનો ત્રાસ અને વિદ્યાર્થીનીઓની છેડતી ચાલુ જ રહી હતી. વાલીઓ અને શાળાઓ તરફથી વારંવાર રજૂઆતને પગલે આજે પોલીસને નાછૂટકે ખાનગી રાહે શાળા પર વોચ ગોઠવવામાં આવી હતી, એ દરમ્યાન સ્થાનિક અસમાજિક તત્વો વિદ્યાર્થીનીની છેડતી કરવા આવ્યા ત્યારે પોલીસે તેઓને ઝડપી લીધા હતા. જો કે, આરોપીઓ સગીર હોવાના કારણે તેમના વાલીઓએ પણ પોલીસનો ભારે વિરોધ કર્યો હતો અને એ વખતે થોડુ ઘર્ષણ પણ સર્જાયું હતું. બીજીબાજુ, વિદ્યાર્થીનીઓના પરિવારજનો અને સ્થાનિક રહીશો ખૂબ મોટી સંખ્યામાં શાળા પર ઉમટયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. ઉશ્કેરાયેલા વાલીઓ ખૂબ આક્રોશમાં હોઈ તેમણે શાળા પર જોરદાર હોબાળો મચાવ્યો હતો અને શાળા સંચાલક તેમ જ સ્થાનિક પોલીસ વિરૂધ્ધ નારાઓ અને સૂત્રોચ્ચાર લગાવી આરોપીઓની ધરપકડ કરવા ઉગ્ર માંગણી કરી હતી. જેને પગલે સરદારનગર પોલીસે આ પ્રકરણમાં બે સગીર આરોપીઓની ધરપકડ કરી હતી. જો કે, વાલીઓનો રોષ શાંત થયો ન હતો. ઉશ્કેરાયેલા વાલીઓએ શાળા પર એક તબક્કે પથ્થરમારો કર્યો હતો.વાલીઓએ જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીનીઓની છેડતી કરનાર તત્વો પાંચથી છ જેટલા છે અને તેથી તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવે અને તેઓની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. પોલીસે વાલીઓને આ ગુનામાં અન્ય જે કોઈ અસામાજિક તત્વો સંડોવાયેલા હશે, તેમની ધરપકડ કરી કાર્યવાહી કરવાની હૈયાધારણ આપી હતી અને આખરે મામલો થાળે પડયો હતો. જો કે, વાલીઓના હોબાળા અને આરોપીઓની ધરપકડને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

### ગોધરામાં બોટમાં બેસીને સેલ્ફી લેવાની લ્હાયમાં ત્રણ તણાયા, એકનું મોત

ગોધરા,તા.૨૭

ગોધરા નજીકથી પસાર થતી મેસરી નદીમાં બોટમાં બેસીને સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ યુવાનો પૈકી એકનુ બોટ ઉંધી વળી જતા મોત નીપજ્યુ હતુ. સેલ્ફી લેવાનો શોખ યુવાઓને ભારે પડતો હોય છે. જોખમી રીતે સેલ્ફી લેવાની લ્હાયમાં જીવ ગુમાવવો પડ્યો હોય તેવા સંખ્યાબંધ કિસ્સા બનતા હોવા છતા સેલ્ફીનો ક્રેઝ યથાવત છે. આવા કિસ્સામાં ગોધરાનો ૨૮ વર્ષનો યુવાન અજય ચૌહાણ તેના બે મિત્રો સાથે મેસરી નદીમાં બોટમાં બેસી ફરવા નીકળ્યો હતો. નદીમાં વચ્ચે બોટમાં બેસીને ત્રણે મિત્રો સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને તે વખતે બોટ ઉંધી વળી ગઈ હતી. પાણીમાં તણાયેલા બે યુવાનોનો બચાવ થયો હતો. જ્યારે અજય ચૌહાણનુ ઉંડા પાણીમાં ગરકાવ થતા મોત નીપજ્યુ હતુ.જ્યારે અન્ય બે યવાનોને બચાવી લેવાયા હતા.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે પણ ગણતંત્ર દિવસની ઉજવણી કરી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

### બંધ પડેલી કંપનીની જર્જરિત ઈમારતનો સ્લેબ તૂટી પડતાં બે લોકોના મોત

વડોદરા,તા.૨૭

સાવલી નજીક આવેલા ગોઠડા ગામ પાસે બંધ પડેલી કંપનીની જર્જરિત ઈમારતનો સ્લેબ તૂટી પડતા નીચે આરામ કરી રહેલા ત્રણ શ્રમજીવી દટાયા હતા. જેમાંથી બે શ્રમજીવીના મોત થયા હતા. જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનાં ગોઠડા ગામ પાસે આવેલી દાદા કેમિકલ કંપની છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે. અને તેની ઈમારત જર્જરિત હાલતમાં છે. આજે બપોરના સમયે ઈમારતના શેડ નીચે છાયડામાં ઢોર ચરાવતા ત્રણ શ્રમજીવી આરામ કારી રહ્યા હતા. તે સમયે અચાનક જર્જરિત ઈમારતનો સ્લેબ તૂટી પાડ્યો હતો અને તેની નીચે ત્રણ શ્રમજીવી દટાયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી ગયુ હતુ. અને બચાવ કામગીરી હાથ ધરી હતી. જેમાં બે લોકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. જ્યારે એક વ્યક્તિને ગંભીર હાલતમાં વડોદરા ખાતે ખસેડાઈ હતી.

# ઘેલા સોમનાથના શિવલીંગને સતત જળાભિષેકથી નુકસાન

## અધિકારીએ સ્વખર્ચે દિલ્હીથી ભૂસ્તર શાસ્ત્રીને બોલાવી ઐતિહાસિક શિવલીંગની તપાસ માટે ઈચ્છા વ્યકત કરી

અમદાવાદ,

જસદણ તાલુકાના ડુંગરની ગાળીઓમાં આવેલું પ્રાચીન ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં સતત જળાભિષેકથી શિવલિંગને નુકસાન થઇ રહ્યું હોવાની ભીતિ કલાસવન ઓફિસરે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવી વ્યકત કરતાં મામલો ચર્ચાની એરણે ચઢયો છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલાં જ સુપ્રીમકોર્ટ દ્વારા ઉજજૈનના મહાકાલેશ્વર મહાદેવમાં બિનજરૂરી જળાભિષેક કરવા પર મનાઇ ફરમાવી હતી. જસદણ તાલુકાના ડુંગરની ગાળીઓમાં આવેલું પ્રાચીન ઘેલા સોમનાથ મહાદેવ મંદિર પ્રકૃતિ અને આસ્થાનું અનોખુ ધામ છે. જો કે, ધાર્મિક અને પવિત્ર આસ્થાના ધામમાં ભોળાનાથના શિવલિંગને સતત જળાભિષેક અને ફુલ અને અન્ય ધાન સહિતના અભિષેકને લઇ નુકસાન થઇ રહ્યું હોવાની ગંભીર ફરિયાદ ગાંધીનગરમાં ઓએનજીસીમાં કલાસ વન ઓફિસર તરીકે ફરજ બજાવતાં વિપીન પંડયાએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કરી છે. આ અધિકારીએ વડાપ્રધાન મોદીને પત્રમાં રજૂઆત કરી છે કે, ત્રણ પેઢીથી એટલે કે, છેલ્લા ૪૫ વર્ષોથી હું આ ઐતિહાસિક મંદિર સાથે સંકળાયેલો છું. મારા માટે આ પવિત્ર આસ્થાનું કેન્દ્ર છે. મંદિરમાં રૂ.૧૦-૧૦ લઇ શિવલિંગ પર જળાભિષેક કરાવવામાં આવી રહ્યો છે પરંતુ શિવલીંગ પર સતત પાણી પડવાના કારણે તેને નુકસાન થઇ રહ્યું છે અને પોપડા જેવું વળી રહ્યું છે. માત્ર કમાવવાના ઉદ્દેશથી સતત આ પ્રકારે જળાભિષેક કોઇપણ રીતે ઉચિત ના કહી શકાય. શિવલીંગના રક્ષણ અને તેની ઐતિહાસિકતાની જાળવણી માટે આ પ્રકારે સતત જળાભિષેક થવો ના જોઇએ.

આમ આદમીની નજર કરરાહતોની છૂટ પર

# મોદી સરકારનું બજેટ ખાસ, પડકારરૂપ રહેવાની શક્યતા

## કૃષિ, ઉદ્યોગ, બેરોજગારી ઉપરાંત સ્વાસ્થ્ય, શિક્ષણ અને રાજકોષની જાળવણી નાણાંમંત્રી માટે સૌથી વધુ કપરૂ

નવી દિલ્હી,

આગામી તા.૧લી ફેબ્રુઆરીએ કેન્દ્રની મોદી સરકાર તેનું ૪થુ અને આખરી પૂર્ણકાલીન બજેટ રજૂ કરશે, જે ઘણી બાબતોને લઈ વિશેષ રહેશે. દેશમાં નવી અપ્રત્યક્ષ કર પ્રણાલિ એટલે વસ્તુ તેમ જ સેવા કર(જીએસટી) લાગુ કર્યા બાદ આ પહેલું બજેટ હશે. આ સિવાય ૨૦૧૯માં આવનારી લોકસભા ચૂંટણી અને અન્ય રાજયોની વિધાનસભા ચૂંટણી પહેલાનું આ અંતિમ બજેટ હશે. આ જ કારણ છે કે, કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી માટે લોકોની આશાઓ અને રાજકોષીય અનુશાસન વચ્ચે સંતુલન સાધવાના દ્રષ્ટિકોણથી આ બજેટ કોઈ પડકારથી ઓછુ નથી. આ વખતના બજેટમાં મહત્વના મુદ્દાઓ રહેશે તેની પર નજર નાંખીએ તો, ગ્રામીણ અર્થવ્યવસ્થા આપણી આર્થિક પ્રણાલિનો આધાર છે અને તેમાં નોંધાયેલી ઉદાસીનતા મોદી સરકાર માટે ચિંતાનું કારણ બની છે. ખાસ કરીને ખેડૂતોના દેવા માફીને લઈ ભારે હોડ જામી, જેની સીધી રાજકોષની સ્થિતિ પર પડે છે. ૨૦૦૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના લક્ષ્યાંકને પૂરું કરવા ખેડૂતોના દેવામાફીથી આગળ વધીને બુનિયાદી સુવિધાઓ પર પણ ધ્યાન અપાવું જોઈએ કે જેનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થામાં તેજી લાવી શકાય. આ માટે સરકાર સ્વામીનાથન કમીટીના રિપોર્ટની ભલામણો પર વિચાર કરી શકે છે કે જેમાં કૃષિ ઉત્પાદનોમાં સતત વધારાની સ્થિતિ પછી પણ ખેડૂતોની સ્થિતિમાં સુધારો નહી થવાના કારણોની વાત કરવામાં આવી છે. તે પછી વાત ઉદ્યોગોની આવે છે. દર વર્ષે બહાર પડી રહેલા અંદાજે દસ લાખ બેરોજગાર યુવાનોને સરકારની નોકરી આપવું સંભવ નથી પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ઉત્તેજન આપીને સરકાર રોજગારની સમસ્યાને પહોંચી વળવાનો પ્રયત્ન કરી શકે છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સરકારી સહાયની તાતી જરૂર છે કારણ કે, નોટબંધી અને જીએસટી લાગુ થયા બાદ સૌથી વધુ અસર આ ઉદ્યોગોને જ પહોંચી હતી. રોજગાર સર્જનના આ ક્ષેત્રના યોગદાનને કોઈપણ રીતે નજરઅંદાજ કરી શકાય નહી. આ સિવાય રોડ-રસ્તા સહિતના બુનિયાદી માળખાના ક્ષેત્ર પર પણ બજેટમાં ખાસ ધ્યાન અપાય તેવી શકયતા છે. આ તમામ મુદ્દાઓ વચ્ચે મધ્યમવર્ગની પરિભાષા સાથે જોડાયેલો એક સામાન્ય નાગરિક પણ નાણાંમંત્રીની નજરે હશે. સામાન્ય રીતે બજેટની જોગવાઈઓમાં સીધા અને આડકતરા વેરાઓની વાતનો ઉલ્લેખ હોય છે પરંતુ જીએસટીના કારણથી એ પહેલી વખત હશે કે, જયારે કેન્દ્રીય નાણામંત્રી પાસે આડકતરા વેરા મુદ્દે બહું કંઈ કહેવા જેવુ નહી હોય. આ વખતે લોકોને આશા છે કે, કરમાં છૂટની સીમાના દાયરો વધારી ખર્ચ કરવા યોગ્ય આવક વધારી શકાય એવી સંભાવના છે. વાસ્તવમાં ૨૦૧૭ના બજેટમાં રાજકોષીય નુકસાનના જીડીપીના ૩.૨ ટકાના સ્તર પર રાખવાના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ નવેમ્બરમાં જ રાજકોષીય નુકસાન ૨૦૧૭-૧૮ના વર્ષ માટે નિર્ધારિત લક્ષ્યાંક ૫.૫ લાખ કરોડના ૧૧૨ ટકા થઈ ગયું. તો બજેટમાં સરકાર માટે કેટલાક પડકારો પણ છે, જેમાં સ્વાસ્થ્ય, શિક્ષા, આવાસ જેવી મૂળભૂત સુવિધાઓની સાથે સાથે રાજકોષીય અનુશાસનને જાળવવાનું સૌથી કપરૂ બની રહેશે.


The Bhavan
The home of Indian arts

Events at The Bhavan 26 - 31 Jan 2018



The Bhavan's Annual
FOUNDERS DAY CELEBRATIONS
Saturday 27 Jan and Sunday 28 Jan, 2018
3pm
The Bhavan celebrates its students, teachers and art styles every January. Each department showcases their respective art styles in a feast of Indian Classical dance and music. Dinner will be served at the end.
Tickets for 27 January Here: £10
Tickets for 28 January Here : £10



Nepalese Buddhist Art Expo by Master artist Gyan Bahadur Lama
Timings: Fri 26 - Sun 28 January, 12 -7 pm
All Welcome, Free Entry
A Thangka Exhibition by the lauded artist from Bhaktapur Thangka art School, Nepal. Thangka, also known as scroll painting is a silk painting usually depicting a Buddhist God, Famous scene or Mandala, over which a fabric is attached.
Do visit the exhibition to see and buy these exquisite artworks directly from the artists.



The Bhavan Celebrates Republic Day
Timings: Wed 31 Jan, 6.30pm
All Welcome, Free Entry
The Chairman and Executive Committee of The Bhavan request the pleasure of your company at this year's celebration of the Republic Day of India. An evening of speeches, music and dance followed by snacks. Chief Guest is his Excellency Mr Y K Sinha, High Commissioner of India.
We want to hear about your experience.
We are building a new website and aim to do our best to meet your needs. Be a part of it by taking 5 minutes to answer a short survey here. The sooner you can, the more we can do. Thank you.
We welcome you all to -
The Bhavan, The Home of Indian Arts
4A Castletown Road, West Kensington, London W14 9HE
Nearest Underground station: West Kensington and Barons Court
T: 02073813086/4608
W: www.bhavan.net
E: info@bhavan.net


## બોલો...પરીક્ષા આપી એક વિષયની નાપાસ થયો બે વિષયમાં

અમદાવાદ,તા.૨૭

ગુજરાત યૂનિવર્સિટીની અનેક ભૂલો પ્રકાશમાં આવતી રહે છે, જેના કારણે વિદ્યાર્થીઓને તેનું નુક્શાન થાય છે. ગુજરાત યૂનિવર્સિટી દ્વારા બીકોમ સેમેસ્ટર-૫ની પરિક્ષા લેવામાં આવી હતી જેનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમા એચ.એ કોમર્સ કોલેજનાં એક વિદ્યાર્થીનાં પરિણામમાં યુનિવર્સિટીએ છબરડો કર્યો છે. પરિક્ષા આપનાર આ વિદ્યાર્થી માત્ર ઈકોનોમિક્સ વિષયમાં એટીકેટી હોવાથી તેની પરિક્ષા આપી હતી. જેથી તેણે માત્ર એક વિષયની પરિક્ષા આપી હતી. પરંતુ ગુજરાત યૂનિવર્સિટી દ્વારા જે પરિણામ જાહેર કરવામા આવ્યું છે તેમા આ વિદ્યાર્થીને બે વિષયમાં નાપાસ કરવામાં આવ્યો છે.તમને જણાવી દઈએ કે, અગાઉ વિદ્યાર્થીએ જ્યારે પરિક્ષા આપી હતી, જેમા તે માત્ર એક જ વિષયમા નાપાસ થયો હતો અને તેણે પણ માત્ર એક જ વિષયમાં પરિક્ષા આપી હતી.

અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૦.૭ ડિગ્રી રહ્યું

# પાટનગર ગાંધીનગરમાં પારો ૯ ડિગ્રીએ પહોંચ્યો

## અમદાવાદ ઉપરાંત, ડિસા, ગાંધીનગર, મહુવા, નલિયા સહિતના વિસ્તારોમાં ઠંડીનો ફરી જોરદાર અનુભવ થયો

અમદાવાદ,

ગુજરાતભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિના કારણે લોકો પરેશાન થયેલા છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી પાટનગર ગાંધીનગરમાં નવ ડિગ્રી નોધાઈ હતી. પાટનગરની સાથે સાથે અમદાવાદ, નલિયા, વલસાડ સહિતના સ્થળોએ પણ તાપમાનનો પારો ગગડીને ૧૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થયા બાદ ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે અમદાવાદ સહિત રાજયમાં પણ ફરી એકવાર તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૧થી પણ નીચે પહોંચી ગયો હતો. અમદાવાદમાં ૧૦.૭, ડિસામાં ૧૦.૩, ગાંધીનગરમાં ૯, વલસાડમાં ૧૦.૧, મહુવામાં ૯.૯, દિવમાં ૧૦.૩ અને નલિયામાં ૧૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઈ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૦.૫ રહ્યું હતું. રાજયમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ નલિયામાં થયો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં સવારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે ગાંધીનગરમાં ૯ અને મહુવામાં ૯.૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું જયારે ભાવનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદ સહિત રાજયમાં આવતીકાલે લઘુત્તમ તાપમાનમાં હજુ ઘટાડો થઈ શકે છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહી શકે છે. ગાંધીનગરમાં પણ પારો ગગડી શકે છે.

યુએનના વલણને લઈ પાકિસ્તાને પ્રહાર કર્યા

# પેલેસ્ટાઈનના બહાને પાકે ફરી કાશ્મીર રાગ આલાપ્યો

## યુએને પેલેસ્ટાઈન ઉપર બનાવવામાં આવેલા પ્રસ્તાવોને લાગુ કરવાની દિશામાં આગળ વધવું જોઈએ : પાકિસ્તાન

નવી દિલ્હી,

પાકિસ્તાનના યુનાઈટેડ નેશન્સ સીકયુરીટી કાઉન્સીલમાં ફરી એકવાર કાશ્મીર રાગ આલાપ્યો છે. શનિવારે યુએનમાં મીડલ ઈસ્ટ દેશોની સ્થિતિ વિશે ચર્ચા ચાલી રહી હતી તે દરમ્યાન પાકિસ્તાની ડિપ્લોમેટ મલીહા લોધીએ પેલેસ્ટાઈનના બહાને કાશ્મીરની વાત શરૂ કરી હતી. મલીહાએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન કાશ્મીરની જેમ જ વિદેશી કબ્જામાં સામેલ તેમની જમીન પરત લેવા માટે પેલેસ્ટાઈનની મહત્વકાંક્ષાઓની કદર કરે છે. યુએનને તેમની જવાબદારીનું ભાન હોવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહમાં જ યુએન સેક્રેટરી જનરલ એન્ટોનીયો ગુટેરેસે કાશ્મીર મુદે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા કરાવવાનો ઈન્કાર કરીદધો હતો. જેથી મોહાલીએ આ નિવેદન કર્યું હતું. યુએનમાં મીડલ ઈસ્ટ દેશોની સ્થિતિ વિશે ચર્ચા દરમ્યાન પાકિસ્તાની ડિપ્લોમેટ મલીહા લોધીએ વધુમાં જણાવ્યું હતુ કે, યુએન જેવી સન્માનિત સંસ્થાએ તેમની જવાબદારી સમજવી જોઈએ અને પેલેસ્ટાઈન પર બનાવવામાં આવેલા પ્રસ્તાવોને લાગુ કરાવવાની દિશામાં આગળ વધવું જોઈએ.

યુએનએ લાંબા સમયથી ચાલી રહેલા કાશ્મીર વિવાદનો ઉકેલ લાવવામાં મધ્યસ્થતા કરવી જોઈએ અને દુનિયા આ સંસ્થા પરનો વિશ્વાસ ગુમાવી ન બેસે તેવું ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. જો કે, યુએનના સેક્રેટરી જનરલ એન્ટોનીયો ગુટેરેસે કાશ્મીર વિવાદને લઈ બંને દેશો વચ્ચેની મધ્યસ્થા કરવાની ના પાડી દીધી હતી અને ભારત અને પાકિસ્તાનને વાતચીત દ્વારા સમગ્ર વિવાદનો ઉકેલ લાવવાની હિમાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે, એલઓસી પર છેલ્લા કેટલાક વર્ષોમાં પાકિસ્તાન તરફથી સીઝફાયર વાયોલન્સ ચાર ગણું વધ્યું છે. તે સિવાય કાશ્મીરમાં વધતી જતી આંતકવાદી પ્રવૃત્તિ અને ગતિવિધિઓના કારણે ભારત-પાકિસ્તાનના સંબંધો સતત વણસી રહ્યા છે.

# કામરેજ નજીક ત્રિપલ અકસ્માત : બેના ઘટના સ્થળે જ મોત

સુરત,તા.૨૭

નેશનલ હાઈ વે પર ત્રિપલ એક્સિડન્ટ સર્જાયો હતો. બે કાર અને ટ્રક વચ્ચે સર્જાયેલા એક્સિડન્ટમાં બે વ્યક્તિના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે ત્રણ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યારે મૃતકોને દરવાજા અને પતરાં તોડીને બહાર કાઢવામાં આવ્યાં હતાં. નેશનલ હાઈ વે પર આવેલા કામરેજ નજીકના વલથાણ ગામ પાસે ગમખ્વાર ત્રિપલ એક્સિડન્ટ સર્જાયો હતો. ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલા એક્સિડન્ટમાં બે વ્યક્તિના મોતની સાથે જ ત્રણને ઈજાઓ પહોંચી હતી. જ્યારે બન્ને કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. બંન્ને કારના દરવાજા કાપી ૮ થી વધુને બહાર કઢાયા હતા. કામરેજ, કડોદરા અને પુણાની ૧૦૮ની ટીમ દોડી આવતા તમામને તાત્કાલિક સારવાર માટે સુરતની અલગ અલગ હોસ્પિટલમાં ખસેડાયા હતા. એક્સિડન્ટના પ્રચંડ ધડાકાને સાંભળી ઘટના સ્થળે તાત્કાલિક દોડી આવેલા હેમાંશુ મુંજાણીએ જણાવ્યું હતું કે, અર્ટીગા (જીજે ૫ જેપી ૨૩૬૨) અને હોન્ડા કાર (જીજે ૦૫ આરએ ૨૧૫૯) વચ્ચે એક્સિડન્ટ સર્જાયો હતો.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર શકય બનશે

# હાઈવે પર અકસ્માત થાય તો રાષ્ટ્રીય ટોલ ફ્રી સેવા ઉપલબ્ધ

## ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયા રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર ૧૦૩૩ લોંચ કરશે

નવીદિલ્હી,

દેશમાં માર્ગ અકસ્માતના મામલામાં ભારતનો ક્રમાંક વિશ્વમાં આગલી હરોળમાં આવે છે, જેને લઈને દેશમાં છેલ્લા ઘણા સમયથી માર્ગ અકસ્માત નિવારણ તેમ જ આવા અકસ્માતોના ભોગ બનતા લોકોને તાત્કાલિક સારવાર મળી રહે અને ઈજાગ્રસ્તોના જીવ બચાવી શકાય તે માટે કેન્દ્ર સરકાર અને નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સત્તાવાળાઓ સતત પ્રયત્નશીલ છે અને આ માટે અનેક પગલા લેવાની કવાયત હાથ ધરી રહ્યા છે, તેના ભાગરૂપે જ કેન્દ્રીય વાહનવ્યવહાર વિભાગ દ્વારા હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર રોડ અકસ્માતની ઘટનાઓ અંગેની સૂચના અને જાણકારી, તેના સંચાલન અને ફરિયાદ સંદર્ભે એક રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર લોન્ચ કરવાની તૈયારીમાં છે. સંભવતઃ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આ રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર ૧૦૩૩ કરવામાં આવશે.

નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ચેરમેન દિપક કુમારે જણાવ્યું હતું કે, રોડ અકસ્માતોની ઘટના અંગેની જાણકારી અને સૂચના અંગેની ટોલ ફ્રી સેવાની યોજના માટેના જરૂરી તમામ ટેકનીકલ અને વ્યવસ્થાકીય પાસાઓની કામગીરી અમે પૂર્ણ કરી દીધી છે. આ નંબર શરૂ કરવા પાછળનો ઉમદા આશય દેશના કોઈપણ નેશનલ હાઈવે પર અકસ્માત સમયે ઈજાગ્રસ્તોને તાત્કાલિક મદદ પહોંચાડવાનો અને તેમનો જીવ બચાવવાનો છે. આ સિવાય અમે નેશનલ હાઈવે પર મુસાફરી કરતાં લોકોને એમ્બ્યુલન્સની પણ ત્વરિત અને ઝડપી સવા મળી રહે તે માટે રાજય સરકારો સાથે તાલમેળ ગોઠવીને ખાસ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરી રહ્યા છીએ. રોડ અકસ્માતની જાણકારી કે સૂચના આપવા અંગેના આ રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબરને જાણીતો બનાવવા માટે તંત્ર દ્વારા ખાસ અભિયાન અને ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, નેશનલ હાઈવે ઓથોરીટીઝ ઓફ ઈન્ડિયાની સહાયક કંપની ઈન્ડિયન હાઈવે મેનેજમેન્ટ કંપની લિ.એ દેશના તમામ નેશનલ હાઈવેના નેટવર્કને એકબીજા સાતે જોડીને તેનું જીઓગ્રાફિક ઈન્ફર્મેશન સીસ્ટમ (જીઆઈએસ) મેપીંગનું કામ પૂર્ણ કરી લીધુ છે. જેના કારણે પ્રત્યેક કોલને તુરંત જ ટ્રેસ કરીને દુર્ઘટનાસ્થળ કે અકસ્માતના સ્થળનું લોકેશન પળવારમાં જ જાણી શકાશે અને શકય એટલી ઝડપથી ત્યાં પહોંચી સારવાર ઉપલબ્ધ બનાવાશે. ટોલ ફ્રી નંબર પર આવવાવાળા ફોનકોલ્સને મેનેજ કરવાવાળા કોલ સેન્ટરમાં સ્થાનીય ભાષાના ઓપરેટરો પણ ઉપલબ્ધ હશે કે જેથી કોલ ટ્રાન્સફરમાં મદદ મળી રહે. આપાતકાલીન અને બિનઆપાતકાલીન એમ બંને સ્થિતિઓમાં ટોલ ફ્રી નંબર ૧૦૩૩ રહેશે. જો કોલ સેન્ટરમાં કોઈ ઈમરજન્સી સૂચના આવશે તો, તરત જ મેસેજને નજીકના ઓપરેશન સેન્ટર સુધી પહોંચાડી દેવાશે કે જેના કારણે બચાવ માટે ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ અથવા ક્રેઈન સહિતની મદદ મોકલી શકાય.

પોલીસે સાણંદમાંથી તેના ઘેરથી જ ઝડપી લીધો

# મલ્ટિપ્લેક્સને સળગાવવાના પ્રકરણમાં સૂત્રધાર ઝડપાયો

## ગ્રામ્ય એલસીબી તેમજ એસઓજીના અધિકારીઓનું સંયુકત ઓપરેશન : નવી વિગત બહાર આવે તેવી શક્યતા

અમદાવાદ,

પદ્માવત ફિલ્મના વિરોધને લઈ ગઈકાલે મોડી સાંજે કરણી સેના અને રાજપૂત સમાજના કાર્યકરો સહિતના તોફાની ટોળાઓએ શહેરના હિમાલયા મોલ, અમદાવાદ વન મોલ અને એક્રોપોલિસ ખાતેના પીવીઆર સહિતના પાંચેક મલ્ટિપ્લેક્સ ખાતે ૧૦૧થી વધુ વાહનોમાં આગચંપી અને તોડફોડના ચકચારભર્યા પ્રકરણમાં પોલીસે મુખ્ય સૂત્રધાર આરોપી એવા માસ્ટરમાઈન્ડ રાજેન્દ્રસિંહ વાઘેલાની ધરપકડ કરી લીધી છે. ગ્રામ્ય એલસીબી અને એસઓજી પોલીસે હાથ ધરેલા સંયુકત ઓપરેશનમાં માસ્ટર માઈન્ડ આરોપી રાજેન્દ્રસિંહ વાઘેલાની સાણંદ સ્થિત તેના મકાનમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે મુખ્ય સૂત્રધારની પૂછપરછના આધારે આ પ્રકરણની ખૂટતી કડીઓ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. શહેરના પાંચેક મલ્ટિપ્લેક્સ પર આગંચપી અને તોડફોડ પ્રકરણમાં શહેર પોલીસે હાથ ધરેલી તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, શહેરમાં આગચંપી અને તોડફોડ કરી શાંતિ ડહોળવાનું કૃત્ય એ કરણીસેનાનું પૂર્વઆયોજિત કાવતરૂં હતું અને આ કાવતરૂં કરણી સેનાના રાજેન્દ્રસિંહ વાઘેલાના નેજા હેઠળ સાણંદની આદર્શનગર સોસાયટી ખાતે યોજાયેલી આગેવાનોની બેઠકમાં ઘડવામાં આવ્યું હતું. ત્યારબાદ મીટીંગમાં નક્કી થયા મુજબ કાવતરાને અંજામ આપવામાં આવ્યો હતો. જે અંગે સેટેલાઈટ પોલીસમથકમાં એક અને વસ્ત્રાપુર પોલીસમથકમાં ત્રણ એમ મળી કુલ ચાર ગંભીર ગુનાઓ આ કાર્યકરો સહિતના તોફાની ટોળાઓ વિરૂધ્ધ દાખલ કરાયા હતા. ચકચારભર્યા આ પ્રકરણમાં પોલીસે કુલ ૪૫થી વધુ આરોપીઓની ધરપકડ કરી તેઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. જો કે, તા.૨૪મી જાન્યુઆરીએ તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરાતાં મીરઝાપુર ગ્રામ્ય કોર્ટે તમામને શરતી જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં આરોપીઓ વિરૂધ્ધ સાપરાધ મનુષ્યવધની કલમ-૩૦૮ સહિતની આકરી કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી અને તપાસ ચાલુ રાખી હતી,જેમાં પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આ સમગ્ર પ્રકરણનો મુખ્ય સૂત્રાધાર રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ રઘુભા વાઘેલા સાણંદ ખાતે આદર્શ સોસાયટીમાં તેના ઘેર આવ્યો છે, તેથી ગ્રામ્ય એલસીબી અને એસજીઓના અધિકારીઓએ ભારે ગુપ્તતાપૂર્વક ઓપરેશન પાર પાડી તેને ઝડપી લીધો હતો.


જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી